## ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ-મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા

# CSR હેઠળ હેલ્થ, સ્કિલ ડેવલપમેન્ટ વુમન એમ્પાવરને પ્રાધાન્ય આપ્યું

ભાસ્કર ન્યૂઝ | અમદાવાદ

ફિનોલેક્સ ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ અને મુકુલ માધવ ફાઉન્ડેશન દ્વારા ગુજરાતમાં આરોગ્ય, શિક્ષણ, આજીવિકા અને પર્યાવરણ સંરક્ષણ જેવા ક્ષેત્રોમાં સીએસઆર પ્રવૃત્તિઓ દ્વારા નોંધપાત્ર કામગીરી કરવામાં આવી છે. રાજ્યના 22 જિલ્લાઓમાં 24થી વધુ એનજીઓ ભાગીદારો સાથે મળીને આ પહેલ અમલી બનાવવામાં આવી છે. આરોગ્ય ક્ષેત્રે ફાઉન્ડેશને અનમેટ સર્જરી પ્રોજેક્ટ હેઠળ 87,000થી વધુ લોકો સુધી પહોંચી 650થી વધારે સફળ સર્જરી કરાવી છે.

ક્યોર ઇન્ડિયાના સહયોગથી GMERS હોસ્પિટલોમાં 200થી વધુ બાળકોની ક્લબફૂટ સારવાર કરવામાં આવી છે. શિક્ષણ અને સશક્તિકરણ અંતર્ગત 55થી વધુ શાળાઓનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ કરાયું છે, જ્યારે 10,000થી વધુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક મદદ પહોંચાડાઈ છે. મહિલાઓ અને ખાસ જરૂરિયાતો ધરાવતા બાળકોને આજીવિકા તાલીમ આપવામાં આવી છે. સાથે જ ગીવ વિથ ડિગ્નિટી પહેલ હેઠળ જરૂરિયાતમંદ પરિવારોને રાશન સહાય આપવામાં આવી છે તેવો નિર્દેશ મુકુલ માધવ ફાઉન્ડેશનના મેનેજિંગ ટ્રસ્ટી રિતુ પ્રકાશ છાબરીયાએ દર્શાવ્યો હતો.

પર્યાવરણ ક્ષેત્રે 10થી વધુ ગામોમાં સોલાર સિસ્ટમ અને સ્ટ્રીટલાઇટ્સ લગાવવામાં આવી છે.

### CSR પ્રોજેક્ટની મુખ્ય સિદ્ધિઓ

ગુજરાતના 22 જિલ્લાઓમાં વિસ્તરણ. 24 NGO ભાગીદારો સાથે સહયોગ.

**આરોગ્યઃ** 5500થી વધુ નિક્ષય પોષણ કિટ્સનું વિતરણ.

55થી વધુ શાળાઓમાં સુવિધાઓ, 10,000થી વધુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય.

7,500થી વધુ મહિલાઓને તાલીમ અને દિવ્યાંગ બાળકોને સ્કિલ ડેવલપમેન્ટ.